# જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ અને ચાઇલ્ડ વેલ્ફેર કમિટીના અધ્યક્ષ/સભ્યોની લાયકાત અને જરૂરી શરતો

- જુવેનાઇલ જસ્ટિસ એક્ટની કલમ ૪(૩) અને ૨૭(૪) મુજબ બાળકોના શિક્ષણ, આરોગ્ય અથવા કલ્યાણકારી પ્રવૃત્તિઓનો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી લઘુત્તમ સાત વર્ષનો અનુભવ. અથવા બાળ મનોવિજ્ઞાન, મનોચિકિત્સા, સમાજકાર્ય, સમાજશાસ્ત્ર, માનવ વિકાસ ક્ષેત્રમાં, અથવા કાયદાના ક્ષેત્રમાં પદવી ધરાવતા હોવા જોઇએ.
- જુવેનાઇલ જસ્ટિસ રૂલ્સના નિયમ ૪(૩) અને નિયમ ૧૫(૩) મુજબ ૩૫ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિનો બોર્ડ તથા કમિટીમાં સભ્ય કે અધ્યક્ષ તરીકે સમાવેશ થઇ શકતો નથી.
- જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ માટે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ-૨૦૧૫ના મોડેલ રૂલ્સના નિયમ ૫(૧) મુજબ સભ્યની મૂદત નિમણૂંક થયાથી ૩ વર્ષની રહેશે.
- ચાઇલ્ડ વેલ્ફેર કમિટી માટે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ-૨૦૧૫ના કલમ ૨૭(૬) મુજબ અધ્યક્ષ અથવા સભ્યની મૂદત નિમણૂંક થયાથી ૩ વર્ષની રહેશે.
- ઉક્ત જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં કલમ ૪(૨) તથા ચાઇલ્ડ વેલ્ફેર કમિટીમાં કલમ ૨૭(૨) મુજબ એક મહિલા ફરજિયાત રહેશે.

**અધ્યક્ષ અથવા સભ્ય તરીકે પસંદગી માટે નીચે મુજબની વ્યક્તિઓ લાયક ઠરશે નહી**

- ✓ ભૂતકાળનો કોઇ માનવાધિકાર અથવા બાળ અધિકાર ભંગનો રેકર્ડ ધરાવતા હોય
- ✓ નૈતિક ભ્રષ્ટાચારવાળા કોઇ પણ ગુનામાં દોષિત ઠરવામાં આવેલ હોય અને તેવી અટકાયતને ફેરવવામાં ન આવેલ હોય અથવા તેવા ગુનાના સંદર્ભમાં સંપૂર્ણ માફી આપવામાં ન આવેલ હોય
- ✓ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત કોઇ અંડરટેકીંગ અથવા કોર્પોરેશનમાંથી કાઢી મૂકવામાં આવેલ હોય અથવા બરતરફ કરવામાં આવેલ હોય
- ✓ ક્યારેય પણ બાળ શોષણ અથવા બાળ મજૂરી અથવા માનવ અધિકારના અન્ય કોઇ ભંગમાં અથવા અનૈતિક કાર્યમાં સંડોવાયેલા હોય

અરજી સાથે બિડાણ કરવાના થતા તમામ શૈક્ષણીક લાયકાત/ઉંમર માટે જન્મનું પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને અનુભવોના પ્રમાણપત્રો સામેલ કરવાના રહેશે.